# ટ્રેક નં. ૪૯ : લક્ષણ અને લક્ષ વિષે

✻ આત્મા તો છે અરૂપી, અચિંત્ય. એને કેમ ઓળખવો? લક્ષણથી. ક્યા લક્ષણથી? તે તો આત્માને ઓળખનાર પૂજ્ય બહેનશ્રી જ કહેશે.

✻ માંગલિક :

✻ ભક્તિ : ભૈયા તેરા આતમ તો તેરે હી પાસ હૈ,
બહેના તેરા જ્ઞાયક તો તેરે હી જ્ઞાનમેં,
જ્ઞેયોમાં કયું? જ્ઞેયોમેં ક્યું ઢૂંઢતા ફિરે, કિ આતમ તો આતમમેં.

❀ બહેનશ્રી : એ અનુમાન નહીં પણ અનુમાન માત્ર એટલું નહીં પણ લક્ષણથી લક્ષ ઓળખાય. જ્ઞાનમાંથી. એટલે જે અનુમાનથી નહીં. એટલે અંદરથી પોતે પોતાની પરિણતિથી ઓળખાય. પોતે પોતાના સ્વભાવથી ઓળખાય છે. અસ્તિત્વથી, પોતે પોતાની પરિણતિથી અંતરથી ઓળખાય છે. સ્વાનુભૂતિથી, પોતાના અસ્તિત્વથી, પોતાની પરિણતિથી ઓળખાય છે. એમ માત્ર એકલું અનુમાનથી એમ નહીં. ૧.

❀ બહેનશ્રી : લક્ષણ તો એકલું જ હોય. પણ જ્ઞાન એ લક્ષણથી આખું લક્ષ ઓળખવાનું કારણ થાય છે. જે જીવ આત્માર્થી હોય તો એ લક્ષણ દ્વારા આત્માને ગ્રહણ કરી લે છે. ઓળખવાનું આખું છે. એક જ્ઞેય ઓળખવાનું નથી. (જુદું નથી તે) ઓળખતો નથી. એ અસ્તિત્વ પોતાનું આખું જ ઓળખી લે છે. ૨.

✻ પ્રશ્ન : અભેદ છે ?

● ઉત્તર : અભેદ ઓળખી છે કે આ અંદર તેજ દેખાય ને? એ પ્રકાશ નહીં. એ જાતના પ્રકાશ નહીં. ઘણા કહે છે ને કે અંદર કંઈક ધ્યાન કર્યું ને અજવાળા થઈ ગયા ને! એ જાતનો પ્રકાશ નહીં. આ પ્રકાશત્વ શક્તિ છે અંદરમાં એ પ્રકાશ જુદો. ચૈતન્યનો પ્રકાશ છે. એ અરૂપી પ્રકાશ છે. આ રૂપી પ્રકાશ નથી. સ્વાનુભૂતિમાં ચૈતન્ય

એક અનુભૂતિ છે. એના પ્રકાશ ઉપર લક્ષ છે. પ્રકાશ એટલે જ્ઞાન પોતે પ્રકાશ રૂપ જ છે. એક પ્રકાશત્વ શક્તિ છે આત્મામાં. એ પ્રકાશ અંદર કંઈ પોતે કલ્પનાથી જે (કહે) છે કે આ પ્રકાશ અંદર થઈ ગયો એ નહીં. કે અંદર ગયો એટલે કંઈક દેખાણું. કંઈક પ્રકાશ થઈ ગયો અને અજવાળા થઈ ગયા એ બધા (ભ્રમણા) છે એ નથી. આ તો ચૈતન્ય પોતે જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાયક છે. એમાં ઠરી ગયો, એની સ્વાનુભૂતિ, એ ચૈતન્ય જ્યોતિ. ચૈતન્ય પ્રકાશ સ્વરૂપ ચૈતન્ય જ છે. એ બહારનો પ્રકાશ નહીં લેવાનો. લક્ષણભૂત પ્રકાશ પ્રગટ થાય છે. એવું ગુરુદેવ નહોતા કહેતા એ. જ્ઞાનનો પ્રકાશ એ તો વેદન. સ્વાનુભતિનું વેદન છે. આનંદ ગુણ પ્રગટ થાય છે. પ્રકાશ પ્રગટ થાય છે એમ નથી કીધું. ૩.

*** પ્રશ્ન : ૧૨ મી શક્તિ છે ને સ્વસંવેદનમયી છે (ને)**

● ઉત્તર : સ્વસંવેદનમયી શક્તિ. સ્વસંવેદન (એ) સ્વાનુભૂતિનો વેદનમય પ્રકાશ છે. એમ પ્રકાશ. સ્વસંવેદન એટલે સ્વાનુભૂતિ–પોતાનું વેદન થાય એ પ્રકાશ. આ એકલો પ્રકાશ (એટલે) એકલો પ્રકાશ બોલે છે એ એમ નહીં. સ્વસંવેદનરૂપ પ્રકાશ એ પ્રકાશ છે. પોતે પોતાને પ્રકાશે છે સંવેદનરૂપ પ્રકાશ. પોતાની સ્વાનુભૂતિ થાય છે. પોતે ચૈતન્ય છે એવા જ અનંતગુણ છે. એ ચૈતન્યનું સ્વરૂપ જ છે એ બધું. એની જે સ્વાનુભૂતિ થાય એ સ્વાનુભૂતિનો પ્રકાશ છે. પ્રકાશ ગુણ એક પ્રગટ થાય એમ નથી. સ્વસંવેદનમયી પ્રકાશ હોય. પોતાના વેદનનો પ્રકાશ. અજવાળા પ્રકાશ નહીં. વેદન થાય છે અંદર. પોતાને આનંદ ગુણનો અંદર આત્મા અતુલ અનુપમ છે એનું જે વેદન થાય એ વેદન એટલે સ્વસંવેદન થાય એનો પ્રકાશ છે. પોતે પોતાને પ્રકાશી રહ્યો છે. પોતે વેદન કરી રહ્યો છે. પોતે પોતાને પ્રકાશરૂપે પરિણમી રહ્યો છે. પોતે પોતાને જાણી રહ્યો છે. બીજી રીતે (એ) પ્રકાશ એટલે આ બહારનો પ્રકાશ નહીં. પોતાના વેદનનો પ્રકાશ છે. ૪.

✽ પ્રશ્ન : જેણે આત્મા જોયો નથી, નિશ્ચય નથી થયો એને કેવી રીતે જ્ઞાતા છું કેવી રીતે નિશ્ચય થાય ? (જ્ઞાયકનું લક્ષ કેવી રીતે થાય ?)

● ઉત્તર : જ્ઞાયકનું લક્ષ કેમ થાય એવી રુચિ રાખવી. (હોય તે આત્માને માટે છે.) જ્ઞાયક આત્માનું જ પ્રયોજન છે. આત્મસ્વરૂપ કેમ સમજાય? આત્માનો નિશ્ચય કેમ થાય? સાચી વસ્તુ કેમ સમજાય? એવા હેતુથી શાસ્ત્ર વાંચે, સ્વાધ્યાય કરે એ સાચી વસ્તુ કેમ ગ્રહણ થાય એવા હેતુથી. એ આત્મા કેમ સમજાય? જ્ઞાયક કેમ સમજાય? જ્ઞાયક કોને કહેવાય? જ્ઞાયકનું લક્ષણ શું? જાણવું એટલે 'જાણવું' કેવી રીતે ઓળખાય? જ્ઞાયક કેમ ઓળખાય? આ વિભાવ શું? સ્વભાવ શું? કેમ ઓળખાય? દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ શું? એ સમજવા માટે, આત્માના પ્રયોજન માટે સમજવાનું. જ્ઞાયકનું લક્ષ નથી થયું તો લક્ષ કરવાનું કેમ થાય? એની રુચિ રાખવી. એનો હેતુ આખવો. શાસ્ત્ર માત્ર જાણવા ખાતર નહીં. પણ પોતાના આત્માનું સ્વરૂપ કેમ સમજાય? એ હેતુથી વિચારવું, વાંચવું. ૫.

✽ પ્રશ્ન : પ્રયોજન આત્માનું હોવું જોઈએ ?

● ઉત્તર : પ્રયોજન આત્માનું હોવું જોઈએ. આ બહારનું અનંતકાળ બધું જ કર્યું. (આ બધું) શુભભાવો કર્યા એ આત્માના નથી. ભલે થાય છે પણ આત્મનું સ્વરૂપ કેમ સમજાય? ભવનો અભાવ કેમ થાય? સ્વભાવનું સુખ કેમ પ્રાપ્ત થાય એવો હેતુ હોય.૬

✽ પ્રશ્ન : અનુમાનથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. અનુમાન જ્ઞાનથી. સમયસારમાં તો લક્ષ લક્ષણનો ભેદ બતાવીને લક્ષણ જે અજ્ઞાનીને પ્રસિદ્ધ છે એને તો અનુમાનથી જ લક્ષ તરફ દોરી જવા માંગે છે ?

● ઉત્તર : એ અનુમાન એટલે એમ એ અનુમાન કરે છે કે માત્ર ઉપર ઉપરથી અનુમાન કર્યું એ અનુમાન નહીં. પણ અંદર યથાર્થ અનુમાન સ્વભાવ ઓળખીને અનુમાન એમ. લક્ષણથી લક્ષ

ઓળખાય એ અપેક્ષા જુદી છે. અને અનુમાનથી નથી ઓળખાતો, એ અપેક્ષા જુદી છે. યથાર્થ અનુમાન યથાર્થ લક્ષણને ઓળખે તો લક્ષ ઓળખાય છે યથાર્થ અનુમાનથી. પણ જે અનુમાનથી નથી ઓળખાતો એટલે એ જ્ઞાયક દ્રવ્ય છે એ કંઈ બહારથી અનુમાન માત્રથી નથી ઓળખાતો. જ્ઞાયકના લક્ષ્યથી ઓળખાય છે. એ બેય અપેક્ષા જુદી છે. એ યથાર્થ લક્ષણ. ૭.

**✻ પ્રશ્ન : જ્ઞાન લક્ષણથી ઓળખીને? એટલે એટલા પૂરતું જ? જ્યાં જ્ઞાન છે ત્યાં જ આત્મા છે?**

● ઉત્તર : 'એકલો જ્ઞાનસ્વભાવ તે જ હું છું. બીજો હું નથી'. એ લક્ષણ એનું એવું મુખ્ય લક્ષણ છે. એનું અસાધારણ લક્ષણ છે. એટલો સત્ય પરમાર્થ છે એટલું જ સત્ય કલ્યાણ છે કે જેટલો આ જ્ઞાયક જ્ઞાન સ્વભાવ છે. એ જ્ઞાન સ્વભાવ છે એમાં જ તું રુચિ કર. એમાં પ્રીતિ કર. એમાં સંતુષ્ટ થા. એમાં જ બધું ભર્યું છે. જ્ઞાન એટલે માત્ર 'જાણવું' એટલું નથી, પણ એ આખો જ્ઞાયક છે. એ તો આખો જ્ઞાયક મહિમાવંત ભરેલો છે. એટલે 'જાણનારો છે તે જ હું છું.' એમ નક્કી કરીને એમાં સ્થિર થવાથી તને સંતોષ થાશે. આનંદ આવશે. બધું એમાં જ થાશે. બીજે ક્યાંય નથી. એ મહિમાવંત છે. 'જ્ઞાન' એટલે માત્ર જાણ્યા કરવું લુખ્ખી રીતે એમ નથી. જ્ઞાન સ્વભાવ મહિમાથી તું ગ્રહણ કર. એ જ્ઞાન સ્વભાવ તો જુદો છે. 'એટલું સત્ય કલ્યાણ છે એટલો જ પરમાર્થ છે કે જેટલું આ જ્ઞાન છે.' એ જ્ઞાનની જ મહિમા કરવી. તને સંતોષ આવશે. એમાં તૃપ્તિ આવશે. બીજે ક્યાંય સંતોષ કે તૃપ્તિ આવવાની નથી. જે સ્વભાવનો જે સંતોષ થાય, તૃપ્તિ આવશે (તે) બીજે ક્યાંય આવવાની નથી. એમાં જ આનંદ આવશે. વિકલ્પથી છૂટીને એમાં ઠરી જા. એમાં જ બધું ભરેલું છે. થાય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા (અનેક જાતની) મહિમા, પ્રભાવનાના એવા બધા પ્રસંગોમાં જોડાય છે. બહાર આ શુભ ભાવ અને અંદરમાં શુદ્ધાત્મા કેમ ઓળખાય એ

કરવાનું છે. સમ્યક્દર્શન થાય તો પણ હજી પૂર્ણતા નથી થઈ ત્યાં સુધી શુભભાવો આવે છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુભ ભાવો આવ્યા વગર રહેતા નથી. મુનિને પણ આવે છે. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. મુનિ તો પણ જ્યારે બહાર આવે ત્યારે શાસ્ત્ર લખે છે. ઉપદેશ આદિ, ભગવાનના દર્શન આદિ બધું મુનિને આવે છે. પણ બહાર આવે ત્યાં શુભમાં હોય અને અંદરમાં છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. મુનિને બીજું બધું તો ગૌણ થઈ ગયું છે. એ તો બધું છે કે નથી એવું થઈ ગયું છે. ૮.

* પ્રશ્ન : સ્વભાવથી અનુભૂતિ પદાર્થ આત્મા લક્ષણ એનું અમૂર્તિક–મૂર્તિક પદાર્થ પણ ઇન્દ્રિય ગોચર થાય એટલે એનું જ્ઞાન પામતાં એને પ્રતીતિ કરાવે, એક આખો પદાર્થ છે એમ લક્ષણથી. પણ અમૂર્તિક લક્ષણ પકડતાં હજી વાર લાગે છે. ત્યાં લક્ષણ ઉપરથી લક્ષ ઉપર જવું અને એ પણ અનુભવ પહેલાં એમ નક્કી કરવું કે ‘હું આ જ છું’ એ તો ઘણું અઘરું લાગે છે.

● ઉત્તર : ઓલા (પુદ્‌ગલ) મૂર્તિક છે. આ અરૂપી છે. અરૂપી છે પણ પોતે જ છે. ઓલા (પુદ્‌ગલ) રૂપી છે. પણ પર છે. એ તો પર પદાર્થો છે. એમાં વર્ણ, ગંધ, રસ બધું રૂપી દૃશ્યમાન થાય છે. આ જે (આત્મા) છે એ પોતાને દૃશ્યમાન થાતું નથી પણ એને અનુભૂતિમાં આવે એવો છે. એનું સ્વાનુભવ વેદન એ જુદી વાત પણ એનું લક્ષણ એ અરૂપી પણ એ અરૂપી લક્ષણથી પણ ઓળખી શકાય એવો છે. જેમ અંતરમાં પોતાને વિભાવના જે પરિણામો છે એ વિભાવના પરિણામો એને આ જેમ રૂપી દૃશ્યમાન થાય એમ વિભાવ પરિણામો કાંઈ દૃશ્યમાન થતા નથી. એને વેદનથી ઓળખી લે છે કે આ રાગ છે ને આ કલુષિતતા છે ને આ ક્રોધ છે. એ બધા એના વેદન ઉપરથી ઓળખી શકે છે કે આ બધા ભાવો કલુષિતતાવાળા છે એમ ઓળખી શકે છે. એમ સ્વભાવના લક્ષણને પણ એના લક્ષણથી ઓળખી શકાય કે આ જ્ઞાન લક્ષણ છે. આ શાંતિવાળું લક્ષણ છે. આ

કલુષિત લક્ષણ છે. એ બધા કલુષિતના લક્ષણ એ કાંઈ એને દેખી શકતો નથી એને એ વેદનથી ઓળખે છે. ૯.

**પ્રશ્ન : કલુષિત પરિણામ એ તો અમૂર્તિક છે એને એ દેખાતા નથી છતાં વેદનથી નક્કી કરી શકે છે?**

● ઉત્તર : હા, એ નક્કી કરે છે. એને વેદનથી નક્કી કરે છે. એમ આ જ્ઞાન લક્ષણને પણ ઓળખી શકાય. અરૂપી લક્ષણ છે તો પણ, એ જાણવાનું લક્ષણ એ પોતે જે જાણી રહ્યો છે કે આ રાગ છે, આ ક્રોધ છે, આ માયા છે, આ લોભ છે એમ એ ઓળખી શકે તો એ ઓળખનારો કોણ છે? આ બધા ભાવો છે એને ઓળખનારો જે જાણનારો છે, એ કોણ છે? જાણનારના લક્ષણ ઉપરથી જાણનારને ઓળખી શકાય છે કે આ જાણનારો છે કોણ? કે આ બધું જાણી લે છે. તો એ જાણનારના લક્ષણ ઉપરથી લક્ષ એ પદાર્થને ઓળખી શકાય છે. અરૂપી હોવા છતાં પણ એના લક્ષણ એવા છે કે એ ઓળખી શકાય એવો છે એ, એ પોતે જ છે પાછો બીજો નથી. ઓલા તો ક્ષણ ક્ષણના ભાવો પલટી જાય છે છતાં જાણનારો તો એમ ને એમ ઊભો રહે છે. જાણનાર લક્ષણ તો એમને એમ છે. માટે એ એને ઓળખી લે કે જાણનારો તો એમ, ને એમ આ બધા ભાવો તો ચાલ્યા જાય છે. જે બધા વેદનમાં આવનારા ભાવો કલૂષિતતાવાળા બધા ચાલ્યા જાય છે તો જાણનારો એમ ને એમ રહે છે. એ જાણનાર કોણ છે? એ એને ઓળખી શકાય એવો છે. અરૂપી હોવા છતાં પણ એ એના સ્વરૂપથી ઓળખી શકાય છે. ૧૦.

**પ્રશ્ન : મુશ્કેલી ક્યાં પડે છે કે રાગ-દ્વેષના પરિણામો તો આકુળતારૂપે વેદાય છે. એટલે ખ્યાલમાં આવે છે. જ્ઞાન નિર્વિકલ્પ છે એટલે એ વેદનમાં આવતું હોવા છતાં વેદનમાં નહીં આવવા બરાબર છે.**

● ઉત્તર : એ સૂક્ષ્મ ઉપયોગ કરતો નથી. ઓલું સ્થૂળ છે એટલે સ્થૂળ વેદનને પકડી લે છે. પણ ઓલું તો શાંતિનું લક્ષણ છે. એમાં

આકુળતા નથી. માત્ર જાણવાનું જ છે એમાં કાંઈ કરવાનું આવતું નથી. માત્ર વિચાર કરે તો છે, પણ એમાં જાણવાનું જ માત્ર રહે કે આ બધાનો જાણનાર કોણ? એ જાણવાના લક્ષણમાં એને શાંતિ ભરેલી છે. પણ એ સૂક્ષ્મ થઈને જુવે તો ઓળખી શકે. ઓલા (વિભાવો) સ્થૂળતાવાળા છે. સ્થૂળતાથી ઓળખી લે છે. પણ એને અંદર ઊંડાણથી જુએ ત્યાં એ જાણવામાં આકુળતાનું વેદન નહીં પણ જો જુએ તો જાણનારામાં શાંતિનું લક્ષણ રહેલું છે કે જેમાં આકુળતા નથી. માત્ર જેમાં કાંઈ કરવાનું નથી, માત્ર જાણવાનું છે એવું શાંતિનું લક્ષણ નિરાકુળતા લક્ષણ છે. એને ઓળખી શકાય. પોતે સૂક્ષ્મ થઈને જુએ તો ઓળખી શકાય છે. એ લક્ષણ ઉપરથી લક્ષ્યને ઓળખાય કે આ જાણનાર જે લક્ષણ છે એ કોના આધારે છે? કોના અસ્તિત્વમાં છે? એ ચેતન્યના અસ્તિત્વમાં છે. જે અસ્તિત્વ અનાદિ અનંત શાશ્વત છે કે જેનો નાશ થતો નથી. એક અનાદિ અનંત અસ્તિત્વ એ ચૈતન્યદ્રવ્ય હું છું અને એમાં જ બધું ભરેલું છે, એમાં અનંતધર્મો અને એ પછી બધું નક્કી કરી શકે છે. લક્ષણથી જો લક્ષ ઓળખે તો. ૧૧.

✻ પ્રશ્ન : લક્ષણ તો શાંત એટલે કે શાંત લક્ષણ એટલે કે નિર્વિકલ્પરૂપે ખ્યાલમાં અંદરમાં લેવા જઈએ છીએ તો લક્ષભૂત પદાર્થને લક્ષમાં ન લેતા આ ઉપયોગ પાછો માંડ રાગથી જુદો પાડે જ્ઞાનને. ત્યાં તો પ્રગટ જ્ઞાનનો થોડો ખ્યાલ આવે ન આવે ત્યાં તો ઉપયોગ પલટાઈ જાય છે.

● ઉત્તર : એ પોતે હજી બુદ્ધિપૂર્વક લક્ષમાં લે છે કે આ સ્થૂળ લક્ષણ. (વિભાવોનું). સૂક્ષ્મ લક્ષણ તે જ્ઞાનનું. તે હું છું. એ તરફ જાય અને લક્ષમાં લે એ તો બુદ્ધિપૂર્વક છે. હજી નિર્વિકલ્પ રૂપે પરિણતિ નથી. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પણ નથી પણ એને લક્ષણથી ઓળખે. નક્કી કરે કે જેમાં વિકલ્પો નથી, માત્ર જાણવાનું નિરાકુળ લક્ષણ છે. એને ઓળખે, ભલે ઉપયોગ એનો પલટી જાય તો વારંવાર ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે. ઉપયોગ એને બુદ્ધિથી નક્કી કરવા જાય અને

ઉપયોગ પલટી જાય તો વારંવાર એને નક્કી કરવાનો પ્રયત્ન કરે કે 'આ જે જ્ઞાન લક્ષણ છે તે જ હું છું અને એને ધરનારો ચૈતન્ય દ્રવ્ય તે પદાર્થ તે હું છું' એમ પોતાનું અસ્તિત્વ વારંવાર નક્કી કરવા માટે પ્રયત્ન કરે. હજુ નિર્વિકલ્પ પરિણતિ તો પછી થાય છે. પહેલાં તો પ્રતીત કરે છે કે 'આ અસ્તિત્વ તે હું છું. આ વિભાવ તે હું નથી.' એ નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં એને આનંદરૂપે અનુભવાય એ જુદો અનુભવ હોય છે. આ જ્ઞાન તો માત્ર શાંતિ. આ જ્ઞાન લક્ષણ શાંતિવાળું છે. એટલું જ એને ગ્રહણ થાય છે. અને આનંદની અનુભૂતિ તો એને નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં થાય છે કે આત્મા આખો જ્ઞાન છે, આનંદ છે. આનંદ સાગર ભરેલો, જ્ઞાનથી ભરેલો એને સ્વાનુભૂતિમાં વેદાય છે. આ તો માત્ર લક્ષણથી એને પ્રતીતમાં આવે છે. ઉપયોગ પલટાઈ જાય તો વારંવાર નક્કી કરવાનો પ્રયત્ન કરે. સહજ ન થાય ત્યાં સુધી એનો પ્રયત્ન કરે. ૧૨.

* પ્રશ્ન : અનુભવ પહેલાં એક વખત આવું સહજ થશે ખરું ?

● ઉત્તર : અનુભવ પહેલાં વારંવાર એને જે ઉપયોગ પલટાઈ જાય છે (તો) વારંવાર અભ્યાસ કરે તો દૃઢતા તો થાય. વાસ્તવિક સહજતા પછી થાય. પણ એક દૃઢતારૂપે થઈ શકે છે. ૧૩.

* પ્રશ્ન : 'જ્ઞાન લક્ષણ વડે આત્માને ગ્રહણ કરવો' એમ શાસ્ત્રમાં આવે છે. જ્ઞાનગુણ વેદનરૂપમાં વેદનપણે રહેલું છે. છતાં એ વેદન પકડાતું નથી. 'આ જણાય છે આ જણાય છે.' એ ખ્યાલ આવે છે. પણ અંતરમાં જે જ્ઞાનનું પરિણમન થઈ રહ્યું છે એ જ્યાં સુધી ન જ્ઞાનમાં ગ્રહણ થાય ત્યાં સુધી આગળ કેવી રીતે વધે ?

● ઉત્તર : જ્ઞેયથી જ્ઞાન ગ્રહણ થાતું નથી, પણ જ્ઞાનથી જ્ઞાન ગ્રહણ થાય. એ જ્ઞાનથી જ્ઞાન ગ્રહણ થાય. કરવાનું ઈ જ છે એનું જ અસ્તિત્વ ગ્રહણ કરવું. ન થાય ત્યાં સુધી પ્રયત્ન કર્યા કરવો. જે જ્ઞેય તરફ દૃષ્ટિ. જ્ઞેયમાં જે જ્ઞાન, જે જ્ઞેયને જાણનારું જે જ્ઞાન છે. એ જ્ઞાનનું અસ્તિત્વ કેમ ગ્રહણ થાય એનો પ્રયત્ન કરવો. એ

જ્ઞાનગુણ એક નહીં. પણ એ જ્ઞાનનું અસ્તિત્વ એક ચૈતન્ય દ્રવ્યે ભરાયેલું છે. એ ચૈતન્ય દ્રવ્યને ગ્રહણ કરવું. એનો પ્રયત્ન કરવો. ન થાય ત્યાં સુધી. ૧૪.

✻ પ્રશ્ન : ચૈતન્ય દ્રવ્યને ગ્રહણ કરવાનું. પણ એનું લક્ષણ ગ્રહણ થતું નથી એ જ્ઞાનમાં, તો પછી દ્રવ્ય તો કેવી રીતે આગળ જાવું ?

● ઉત્તર : પ્રયત્ન કરવો. લક્ષણ વડે ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. આત્માનું લક્ષણ ગ્રહણ કરવું. જ્ઞાન લક્ષણ કેમ ગ્રહણ થાય? ને લક્ષણથી જ્ઞાયક કેમ ગ્રહણ થાય? એ એક જ ઉપાય છે. ૧૫.

✻ પ્રશ્ન : (વિચારથી અને યુક્તિથી) વિચારીએ તો એમ થાય કે આપણા ગુણો કોને પ્રસિદ્ધ કરે છે ? કે જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે. એ જ્ઞાન એટલે પ્રમાણ. આત્મા છે તો પછી આ પરિણમન થઈ રહ્યું છે. પણ જે રીતે આમ સ્પષ્ટપણે એના સ્વરૂપથી ખ્યાલમાં આવવું જોઈએ કે જે ખ્યાલમાં આવતાં સીધો જ્ઞાયક ભાવભાસનરૂપે થાય એવું થતું નથી.

● ઉત્તર : પ્રયત્ન કરવાનો. યુક્તિથી, વિચારથી નક્કી કરે પણ એમાં જે અસ્તિત્વ છે એ કેમ ગ્રહણ થાય એનો વિચાર, પ્રયત્ન, મંથન બધું એનું હોય. એની લગની, મહિમા એ જ કરવાનું છે. એ બહારથી કાંઈ થાતું નથી. અંતરમાં અંદર દૃષ્ટિ કરી, ગુરુદેવે ઘણું કીધું છે, અંતરથી જ એ ગ્રહણ થાય. ગ્રહણ કેમ થાય? એને જ ગ્રહણ કરવાનું છે. ૧૬.

✻ પ્રશ્ન : આજે ૧૫ મી ગાથામાં આવ્યું કે જ્ઞાન લક્ષણથી જ (આત્મા ઓળખાય છે.)

● ઉત્તર : જ્ઞાન લક્ષણથી આત્મા ઓળખાય છે. જ્ઞાન લક્ષણે આખો જ્ઞાયકને ગ્રહણ કરવો. જ્ઞાન લક્ષણ એક સામાન્ય આત્માનું લક્ષણ છે કે જેમાં ભેદ નથી એવો જ્ઞાયક કે કોઈ ભેદ, પર્યાયના

ભેદો, એ પર્યાયના ભેદો ઉપર પણ દૃષ્ટિ નહીં મૂકતા ‘હું આખો જ્ઞાયક છું,’ એ જ્ઞાયકને ગ્રહણ કરે તો જ્ઞાયક ગ્રહણ થાય છે. ‘આટલું જાણ્યું, આટલું જાણ્યું, આટલું જાણ્યું તે હું’ એમ નહીં પણ ‘એક જ્ઞાયક જે જાણનારો છે તે જ હું છું. ‘એને ગ્રહણ કરવો’. જે જ્ઞાનની અનુભૂતિ, જે જ્ઞાયકની અનુભૂતિ તે જ હું છું. વિભાવની જે અનુભૂતિ થઈ તે હું નથી. પણ જ્ઞાયકની અનુભૂતિ તે જ હું છું. એ રાગમિશ્રિત જે સ્વાદ આવે તે હું નહીં. પણ હું એક જ્ઞાયક. એકલો જ્ઞાયક. એકલો જ્ઞાયક જ છે. ચારે બાજુ જ્ઞાયક જ છે તે હું છું. જ્ઞેય નહીં. પણ જ્ઞાયક, હું સ્વયં જ્ઞાયક છું.’ એને જ્ઞાયકને ગ્રહણ કરવો. ‘એ રાગમિશ્રિત જે જ્ઞાન થાય છે. વિકલ્પ નહીં. વિકલ્પ તે હું નહીં, પણ જ્ઞાન તે હું છું’ એમ જ્ઞાનને ગ્રહણ કરવો. ૧૭.

* પ્રશ્ન : રાગ અને જ્ઞાનને જુદા પાડીને ‘જ્ઞાયક તે હું છું’ એમ લેવું?

● ઉત્તર : જ્યાં રાગને જુદો પાડે ત્યાં જ્ઞાન જુદું પડી જ જાય છે. જ્ઞાન ‘હું જ્ઞાયક છું’ એમ ગ્રહણ કરે એટલે રાગ જુદો પડી જ જાય છે. બે સાથે જ છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે કે ‘હું આ જ્ઞાન છું’ તો રાગ જુદો પડી જ જાય છે. ૧૮.

* પ્રશ્ન : ‘જ્ઞાન છું એટલે કે હું જ્ઞાયક છું’?

● ઉત્તર : ‘હું જ્ઞાયક છું’—જ્ઞાન એટલે માત્ર જાણપણું. તે નહીં. પણ હું સ્વયં જ્ઞાયક છું. ‘હું જ્ઞાયક— બધી રીતે જ્ઞાયક જ છું જાણનારો.’૧૯

❀ બહેનશ્રી : (અસ્તિત્વ) શું હોય? આત્માનું લક્ષણ શું? આ શું? ત્યાં નથી પ્રયત્ન કરવો. આટલું બહારનું કરી લઉં (એમ કહે). આત્માનું જ્ઞાન લક્ષણ ગ્રહણ કરવું, એના ભાવો પકડવા. આ ચૈતન્યના ભાવો અને આ વિભાવ ભાવો એ પકડવું મુશ્કેલ છે. એ ગોઠવણી કરવી મુશ્કેલ પડે. આ બધું કરે. એ ગોઠવવું પડે. એક એક એક એક કેવો અક્ષર ગોઠવે છે? એક અક્ષર લખી લખીને

આખા પાના ભરે છે. એમ ન થાય કે આ લે નાનો અક્ષર. આ કેમ થાશે? એમ આટલું આ એક એક પાના ભરતાં ભરતાં કેમ થાશે? એમાંય એમ નથી થાતું. આમાં એમ થાય કે આ બધા વિચારોની અંદર આ ભાવો કેમ પકડવા? આ આત્માનું લક્ષણ કેમ ઓળખવું અને જુદું કેમ પડવું? આ જીવ કેમ ઓળખવો? એ એને બહું મુશ્કેલ પડે છે. ઝીણું ઝીણું કરીને મૂકે છે. આખા મોતી ઉપર મૂકે છે. એક એક અક્ષર લખી લખીને કાગળો ને કાગળો ભરી દે છે. પુસ્તકો લખે. નહીંતર એ કેટલી વાર લાગે. એક એક અક્ષર લખે એમાં? ઓલું નથી થતું ત્યાં વિચાર નથી કરતો કે આમાં કેટલી વાર લાગશે? એના કરતાં મનના વિચારો તો ઝડપી ચાલે છે વાત કરતા તો. તોય એને એમ થાય કે આ કેમ થાશે? મનના વિચારો તો એનાથી ઝડપી. પકડવું હોય તો એનાથી ઝડપથી પકડાય એવો છે પણ એને એમ થાય કે ઈ કેમ પકડાય? પણ એ એને લક્ષણ ઓળખાતું નથી ને એટલે? એનું અસ્તિત્વ ગ્રહણ થાય તો એના કરતાં એ ઝડપથી પકડાય એવો છે. પણ એ કરતો નથી. ભેદજ્ઞાન કરવું હોય તો એનાથી એમાં ઉપયોગ ઝડપી હાલે છે અંદર. આ કરે એના કરતાં અનંતકાળ કાઢ્યો એણે પકડતા પકડતા. પકડવાનો પ્રયાસ જ ક્યાં કરે છે? આત્માને ગ્રહણ કરવો છે. પૂછે છે ગ્રહણ કેમ થાય? પ્રજ્ઞા જ બધામાં કામ કરે છે. અંદર. પોતામાં પહોંચી જાય છે. એનો ઉપયોગ તો કેવળજ્ઞાન થાય તો એક સમયમાં લોકાલોકને જાણનારો છે. એને અંદર ગ્રહણ કરનારો ઉપયોગ એ અંતર્મુહૂર્તમાં થાય પણ પ્રયાસ વગર એને આકરું પડી જાય છે. ઓલું છે. એક એક એક, કેટલા વખતે થોડી વાર થાય ત્યાં આટલુંક જ થાય અને એમાં કેટલો વિચાર કરે છે? અને આ તો પોતાનું જ કામ છે. આ તો સાક્ષાત્ પોતે છે એને ગ્રહણ કરવાનો છે. એ તો દોરા છે. એ દોરાની આમ આમ ગૂંથણી કરે છે. એને એ ગૂંથીને રૂમાલ થાય છે. એમાંય એ જ્ઞાનની કળા તો એના એ તરફ છે ને?

એમાં ત્યાં બધે જાય છે પણ અહીં એના ક્ષયોપશમને ફેરવવો બહુ મુશ્કેલ છે. આ વિભાવમાં રસ છે. એને તોડી સ્વભાવનો મહિમા અને સ્વભાવની લગની લગાડવી અને એમાં ધીરજ રાખે છે એમ આમાં પણ ધીરજ રાખવી જોઈએ. કે આ આત્માને ગ્રહણ કરે અને મહિમા કરે અને રુચિ કરે અને વિચાર કરે. બસ! આટલું કરતાં કરતાં મોટું થઈ જાશે. ધીરજ રાખીને પ્રતીત કરો તો થાય એવું છે. અંદર વિચાર કરતાં કરતાં અભેદ જણાય. અંદરથી કાંઈ દેખાય નહીં. ખબર નથી પડતી એટલે નિરાશ થઈને મૂકી દે છે એમ નહીં. ઓલું એમ કે દેખાતું નથી. શકોરું ભીનું થાતાં થાતાં થાય છે. એમ કે ગુરુદેવની વાણી કાને પડતાં પડતાં અંદરમાં શું કાંઈક એને સ્ફુરણા, અપૂર્વતા લાગવી જોઈએ. એટલે પ્રયાસ કર્યા જ કરવો. જે અંદર જિજ્ઞાસા, રુચિ, લગની હોય તો પ્રયાસ એને થાશે જ. એને શ્રદ્ધવાનો, એને ગોતવાનો, પ્રગટ કરવાનો એ બધું વિચારમાં મહિમાંથી કર્યા જ કરે તો થાય. બાકી છોડી દે તો ન થાય. અંદર ઓળખવાનો પ્રયત્ન કરે તો થાય. પ્રયત્ન કર્યા વગર થાય કેમ? જરાક કરે ને છોડી દે કે આ કેમ થાય? પાછો ઓલો જે ઢગલો દોરા ને બધું છોડે એમાંથી કેવું કરે છે? કેવો વિશ્વાસ કરે છે? અહીંયા એ જ છે. અંદર બધું જ ભર્યું છે. અને અંદર કરવાથી જ થવાનું છે. ભલે અત્યારે ધીરે ધીરે કરતાં પણ થવાનું જ છે. એવો અંદરથી વિશ્વાસ રાખે માળા બનાવો ને તો મોતી નીકળી એમાં જાય પાછું કરેલું હોય ને તૂટીયે જાય એમ થાય પણ કંઈ વાંધો નહીં. બસ! એક ચીજ કરવી એટલું જ. આમાં તો આત્માનું પ્રયોજન છે. કોઈ અપૂર્વ વસ્તુ આત્મામાં ઝૂકવું છે. ૨૦.

*** પ્રશ્ન : શાસ્ત્રમાં તો એમ આવે છે કે ઇન્દ્રિય જ્ઞાન ખરેખર તો પરપ્રકાશક છે. માટે એ લક્ષણ આત્માનું નથી. એ લક્ષણથી જ્યારે એ જ્ઞાન સ્વભાવથી આત્માને પકડતું જ્ઞાન એ આત્મિક ખરેખર લક્ષણ છે. એ આ જાણપણું જ અત્યારે થઈ રહ્યું છે. એમાં તો**

પરપ્રકાશકપણું જ ખ્યાલમાં આવે છે. આ જણાય છે, આ જણાય છે, આ જણાય છે. તો એવું?

● ઉત્તર : બહાર ઉપયોગ છે ને? બહાર ઉપયોગને લઈને મતિશ્રુતનો ઉપયોગ ઈન્દ્રિયો તરફ વળેલો છે. મન તરફ અને ઈન્દ્રિયો તરફ ઉપયોગ છે. પણ એમાં જે 'જાણનારો છે તે હું છું.' એમ લક્ષ પોતા તરફ કરવાનું છે. એમાં પોતાને છોડીને કે પોતે એકલો કંઈક જુદો પડ્યો રહે છે અને આ જ્ઞાન કંઈક એકલું પડ્યું રહે છે એવું નથી. એનો ઉપયોગ બહાર થઈ ગયો છે. એટલે એ પરપ્રકાશક જ્ઞેયો તરફ થઈ ગયો છે. પોતે જ્ઞાયક તરફ જાતો નથી. એમાં એ જાણનારો છે એ જ્ઞેયોને ગ્રહણ નહીં કરતા 'હું જાણનારો છું' એમ પોતા તરફ વળે તો એમાં જ્ઞાન ગ્રહણ થાય છે અને જ્ઞેયો તરફ લક્ષ જાય તો જ્ઞેય ગ્રહણ થાય છે. ઉપયોગ બહાર જાય છે એટલે બહારને ગ્રહણ કરે તો બહારના જ્ઞેયોને ગ્રહણ થાય. અંતરદૃષ્ટિ કરે તો પોતાનું જ્ઞાન ગ્રહણ થાય છે. જે 'જાણપણું' છે એ જાણપણું માત્ર નહીં. પણ 'હું જાણનાર જે આખો છે તે હું છું'. ક્ષયોપશમ જ્ઞાનના ભેદો—શાસ્ત્રમાં આવે છે ને! જે વાદળાના પટલમાં હીનાધિકતારૂપે જે કિરણો દેખાય છે એ કિરણો ક્યાંથી આવેલા છે? કે કિરણોનો સંચાર એ મૂળવસ્તુ છે. એટલે એ ભેદ ઉપર ઉભા નહીં રહેતા—એ કિરણો ઉપર પણ (ન ઊભા રહેતા) એનું મૂળ ક્યાં છે? એ મૂળને ગ્રહણ કરવાનું છે. ક્ષયોપશમ જ્ઞાનના ભેદો હીનાધિકતારૂપે દેખાય ઈ હીનાધિકતા પૂરતો (જેટલો) હું નથી. પણ એ એનું મૂળ ક્યાં છે? એવો સ્વભાવ—મૂળ વસ્તુ શું છે? એને ગ્રહણ કરવાની છે. એ એને ટેકો આપનાર છે. એને તોડનાર નથી. શાસ્ત્રમાં આવે છે કે કિરણો જેમ વાદળાના પટલમાં જે સૂર્યના કિરણોની પાછળ આખો જે સૂર્ય એને ગ્રહણ કરવાનો છે. તેમ ભેદને ગ્રહણ નહીં કરતા અખંડને ગ્રહણ કરવાનો છે. ૨૧.

✻ પ્રશ્ન : વર્તમાન જ્ઞાન ઉપયોગ એને જાણતા એમાં 'આ જ્ઞાન આને પ્રકાશ્યું, આને પ્રકાશ્યું' એ લક્ષમાં ન લેતા આ જ્ઞાન જ્ઞાનપણું લક્ષમાં લઈને એના ઉપરથી ત્રિકાળીનું લક્ષ કરવાનું છે?

● ઉત્તર : ત્રિકાળીનું લક્ષ (કરવાનું છે.) આ જાણપણાનું મૂળ ક્યાં છે? એનું મૂળ અસ્તિત્વ ગ્રહણ કરવું. 'આ જ્ઞેયો જણાણા, આ જણાણું, આ જણાણું. એટલે હું', એમ નહીં. પણ 'જાણપણું' એ મૂળ સામાન્ય જાણપણું અને એ જાણપણાનો આશ્રય લઈ, ક્યાં છે એનું મૂળ અસ્તિત્વ? એ મૂળને ગ્રહણ કરવાનું છે. ૨૨.

✻ પ્રશ્ન : સામાન્ય જાણપણું, જાણપણું ક્યાંથી આવે છે એ આખું એ ત્રિકાળી અસ્તિત્વ છે (તેને ગ્રહણ કરવાનું છે?)

● ઉત્તર : ત્રિકાળી અસ્તિત્વને ગ્રહણ કરવાનું છે. અખંડને ગ્રહણ કરવાનું છે. ઈ બીજાને પ્રકાશે છે એમ નહિ જોતાં એ કિરણોનો આશ્રય લેનારો મૂળ વસ્તુ કોણ છે? એ જાણપણાનો આશ્રય-મૂળ ક્યાંથી એનું અસ્તિત્વ છે એને ગ્રહણ કરવાનું છે. અસ્તિત્વ મૂળ ક્યાં છે એ ગ્રહણ કરવાનું છે. ૨૩.

✻ પ્રશ્ન : આમાં જાણપણું, જાણપણું, જાણપણું ક્યાંથી થાય છે એના ઉપર લક્ષ (આપવું)?

● ઉત્તર : જાણપણાનું મૂળ એનું અસ્તિત્વ ક્યાં છે? અખંડ અસ્તિત્વ એને ગ્રહણ કરવું. ૨૪.

✻ પ્રશ્ન : આમાં જ્ઞાન ઉપયોગ જો જુદો લક્ષમાં આવે તો લક્ષીને પકડવામાં વાર ન લાગે કે આવો ત્રિકાળ જે છે તે હું છું?

● ઉત્તર : ઉપયોગ જુદો પડે અને પોતાને પકડાય એ બધું સાથે જ થાય છે. પણ એ પોતે યથાર્થ ગ્રહણ થાય તો પોતાનું અસ્તિત્વ અને ઉપયોગ બધું એને પકડાઈ જાય છે. પણ એ યથાર્થ રીતે એને અંદર સૂક્ષ્મતાથી ગ્રહણ થાય તો બધું સાથે થઈ જાય છે. ૨૫.

✻ પ્રશ્ન : લક્ષણ અને લક્ષ સાથે જ (ગ્રહણ થાય છે?)

● ઉત્તર : સાથે જ ગ્રહણ થઈ જાય છે. માટે એ જ કરવા ધારે તો કરી શકે છે. ૨૬.

✻ પ્રશ્ન : લક્ષણને જુદું પાડવામાં જે તકલીફ ત્યાં પડે છે. રાગ અને જ્ઞાન બે (ભેગા જણાય છે?)

● ઉત્તર : બેઉ એકમેક થયા દેખાય છે. ૨૭.

✻ પ્રશ્ન : 'જાણપણું એ જ્ઞાન' એ વિચારમાં તો લઈ શકાય છે પણ કંઈક આગળ જુદા કરીને થાય એવું કાંઈક?

● ઉત્તર : 'જાણપણું એ જ્ઞાન' પણ જાણપણું—જાણપણું માત્ર નહીં. પણ જે જાણક સ્વભાવ જ છે. 'જે જાણક સ્વભાવ જે છે તે હું છું' એમ પોતે અંદર ઉંડાણમાં દૃષ્ટિ કરે તો 'જાણક સ્વભાવ જે છે તે હું છું.' આ જડ સ્વભાવ કાંઈ જાણતું નથી. પણ 'જાણનારો સ્વભાવ તે હું છું' સ્વભાવ ઉપર જવાનું કહે છે. માત્ર જાણપણું નહીં. 'જાણનારો છે' એના ઉપર દૃષ્ટિ કરવાની છે. ૨૮.

✻ પ્રશ્ન : એમ વિચારતા રાગથી અને પર જ્ઞેયથી જુદો (પડે?)

● ઉત્તર : જુદો સહેજે પડી જાય છે. જ્ઞાયક—જાણનારો જ્ઞાયક જ જ્ઞાનરૂપે પરિણમી રહ્યો છે. પોતાનો સ્વભાવ તે જ્ઞાયક જ જ્ઞાનસ્વભાવે પરિણમી રહ્યો છે. એવું એને લક્ષમાં આવે, એવી પ્રતીત આવે, એને જ્ઞાનમાં લક્ષણથી ઓળખે બરાબર, તો રાગથી અને જ્ઞેયોથી સહેજેય છૂટો પડી જાય છે. પોતાનું અસ્તિત્વ જ્ઞાયક તરીકે અસ્તિત્વ ગ્રહણ થાય તો એમાં જે બીજું છે એ સહેજે છૂટું પડી જાય છે. 'આવો છું' એટલે 'આવો નથી' એમાં ભેગું આવી જાય છે. ૨૯.

✻ પ્રશ્ન : વિકલ્પદશામાં જ્યાં સુધી આવી પ્રતીતી ન આવે ત્યાં સુધી આવું ઘૂંટણ એટલે કે આવા વિચાર યથાર્થ વિચાર મનના (કરાય?)

● ઉત્તર : એવા વિચારો એને ઘૂંટણમાં આવ્યા કરે. જ્યાં સુધી એને એવું જ્ઞાયકનું અસ્તિત્વ અંતરમાંથી ગ્રહણ ન થાય ત્યાં સુધી વિચારો આવ્યા કરે કે 'આ રાગ તે હું નથી' આ જ્ઞેય છે મારો સ્વભાવ જ્ઞેય નથી. હું તો જ્ઞાન સ્વભાવ છું. એવા વિચારો આવ્યા કરે પણ છૂટો તો ક્યારે પડે? પોતાનું જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ થાય તો એનું ભેદજ્ઞાન એમાં સહજ આવી જાય છે. ૩૦

* પ્રશ્ન : જ્ઞાન ઉપરથી જ્ઞાયક ઉપર જાવું કેવી રીતે? જ્ઞાન ગુણ આપણને પ્રગટ દેખાય છે તો જ્ઞાયક તરફ જવું કેવી રીતે?

● ઉત્તર : એ જ્ઞાનગુણ છે તે એક પર્યાય માત્ર નથી. વર્તમાન જાણે એટલું જ્ઞાન એમ નહીં, પણ 'જ્ઞાન એ જ્ઞાયક અસ્તિત્વ'. આખું જ્ઞાનનું અસ્તિત્વ ગ્રહણ કરવું એ જ્ઞાન જ્ઞાનરૂપે. એક વર્તમાન એ જાણે એટલે જ્ઞાન એટલે એણે કંઈક જાણ્યું એટલે જ્ઞાન' એમ નહીં. પણ એ જ્ઞાનનું અસ્તિત્વ જ આખું છે. જ્ઞાન એક દ્રવ્ય જ દ્રવ્યરૂપે જ્ઞાનનું એક અસ્તિત્વ છે એમ જ્ઞાયકને ગ્રહણ કરવો. બહારથી એણે જાણ્યું, એણે જ્ઞેયો જાણ્યા એટલે જ્ઞાન કે પર તરફ એની દૃષ્ટિ ગઈ અને જે જાણવામાં આવ્યું એ જ્ઞાન એમ નહીં. પણ જ્ઞાયક પોતે સ્વયં, જ્ઞાન પોતે સ્વયં અસ્તિત્વ સ્વતઃ સિદ્ધ છે. એમ જ્ઞાયકને ગ્રહણ કરવો. 'એકલો જ્ઞાનમાત્ર તે હું' એ જ્ઞાનમાત્ર કાંઈ જાણ્યું એટલે જ્ઞાન એમ નહીં. 'સ્વયં જાણનારો જે જ્ઞાયક સ્વભાવ છે તે જ હું' એમ જ્ઞાયક તરફ અખંડ અસ્તિત્વ તરફ દૃષ્ટિ દેવી કે આ 'જે જાણનારો તે હું', 'આને જાણ્યું, આને જાણ્યું, આને જાણ્યું' એટલે જ્ઞાન એમ નહીં પણ જ્ઞાયકનું અસ્તિત્વ જાણનારરૂપે છે તે હું છું. ૩૧

* પ્રશ્ન : જાણવાપણું એટલું જ જ્ઞાન એમ નહિ?

● ઉત્તર : એટલું જ જ્ઞાન નહીં પણ સ્વયં જ્ઞાન છે. જ્ઞાયકતા-અનંતતાથી ભરેલી જ્ઞાયકતા—એ અનંત આગાધ શક્તિથી ભરેલી જ્ઞાયકતા છે. તે રૂપ જ્ઞાયક તે હું છું. પ્રકાશનું કાર્ય કરે તે પ્રકાશ' એમ નહીં પણ પ્રકાશનો પુંજ છે એ જ પ્રકાશ છે. બરફનો પુંજ એ જ

બરફ છે. કાંઈ ઠંડાનું કાર્ય કરે એટલે બરફ એમ નહીં. પણ એ વસ્તુ પોતે જ ઠંડારૂપ છે. વસ્તુ પોતે જ પ્રકાશનો પીંડ છે. એમ ચૈતન્ય પોતે જ જ્ઞાયક, જાણનારથી ભરેલો સ્વયં વસ્તુ છે. એમ જ્ઞાયકને ગ્રહણ કરવો અને એ કાર્ય કરે એટલે જ્ઞાન નહીં. પણ સ્વયં પોતે જ્ઞાનરૂપ જ છે એમ. ૩૨

✻ પ્રશ્ન : જ્ઞાન કરતાં અનુમાનથી ખ્યાલમાં આવે છે કે આ બધું જણાય છે તો કોઈ જાણનાર પણ છે. અજ્ઞાનીને સંવેદનરૂપે ખ્યાલમાં આવતું નથી. જ્ઞાન સંવેદનથી રાગથી જુદું પાડી શકાય કે બીજા ગુણોથી જુદું પાડી શકાય એવું સંવેદન રૂપે ખ્યાલમાં આવતું નથી. એટલે લક્ષણ ખ્યાલમાં નથી આવતું તો પછી લક્ષ ઉપર કેવી રીતે જવું ?

● ઉત્તર : એ પોતાની ખામી છે. અનુમાન જ્ઞાન એ પણ એવું હોય છે કે એ અનુમાન જ્ઞાન એ સત્ય અનુમાન હોય છે. ભલે એ અનુમાન, પણ એ યથાર્થ અનુમાન કરેલું છે તે અંદર લક્ષણને ગ્રહણ કરે તો સંવેદન તો અંદર નિર્વિકલ્પ દશા થાય ત્યારે સંવેદન થાય. ત્યાર પહેલા જે જ્ઞાન લક્ષણ પોતે બિરાજી જ રહ્યો છે. અસાધારણ જ્ઞાન લક્ષણ તે પોતે જ છે, બીજો નથી. એ જ્ઞાન લક્ષણ અસાધારણ રૂપે છે. એ જ્ઞાન લક્ષણ તો પોતાને લક્ષમાં આવે એવો જ છે. પણ એ એને નથી ગ્રહણ થાતો. માટે અનુમાન અનુમાન થાય છે. એ માત્ર એ પોતે યથાર્થ રીતે ગ્રહણ નથી કરતો. નિર્વિકલ્પ દશામાં યથાર્થ સંવેદન થાય છે. ત્યાર પહેલા પણ જ્ઞાયકરૂપે પોતે બિરાજી જ રહ્યો છે. એનો કાંઈ નાશ થયો નથી. એના અસ્તિત્વનો નાશ થયો નથી. અને એની જ્ઞાયકતા તો જણાઈ જ રહી છે. પણ એ પોતે જાણતો જ નથી. પણ એ પોતે અંતરમાં એટલું એને લાગે તો ગ્રહણ થાય, એને (લગની) લાગતી જ નથી. બુદ્ધિથી અનુમાન કરે છે. પણ એ અનુમાનેય જો પોતે યથાર્થ રીતે જો અનુમાન યુક્તિથી ગ્રહણ કરે તો અનુમાન, યુક્તિ એ બધું યથાર્થ હોય છે. પણ એની સાથે સાથે

પોતે આગળ જવાનો પ્રયત્ન કરે કે 'હું જ્ઞાયકરૂપે જ બિરાજમાન છું'. તો ગ્રહણ થાય એવો છે. પણ એ પોતે કરતો નથી એટલે થાતું નથી. એ બુદ્ધિથી કરી અને છોડી દે છે. પણ પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરતો નથી અને કરવા જાય તો પોતે સામાન્ય, ક્ષણિક ગ્રહણ કરીને છોડી દે છે. એનો અભ્યાસ લંબાવતો નથી. જ્ઞાયકરૂપે અભ્યાસને પોતાનું જીવન બનાવતો જ નથી. જે અનાદિનું જીવન છે એકત્વબુદ્ધિનું અને વિભાવમય, શુભાશુભ પરિણામની ધારારૂપે જે જીવન ચાલ્યું જાય છે. એમ ને એમ પોતે અનાદિનો જેમ ચાલે છે તેમ ચાલ્યો જાય છે. તીવ્રમાંથી મંદ અને તીવ્ર, મંદ, તીવ્ર એમ ચાલ્યો જાય છે પણ એનું જીવન જે જ્ઞાયકમાં જ્ઞાયકરૂપે પલટાવું જોઈએ તે પલટાતું જ નથી. એમાં પોતાનું જ કારણ છે. ૩૩.

**✻ પ્રશ્ન : આત્મા પકડવા જઈએ તો ગુણભેદ તો ઉભો જ રહે છે. ગુણભેદ અસ્ત કઈ રીતે થાય ?**

● ઉત્તર : જ્ઞાન લક્ષણથી એટલે ગુણથી ગુણીને પકડવાનો છે. એમાં ગુણભેદ ઉપર દૃષ્ટિ રાખવાની નથી. એ તો જ્ઞેય વચ્ચે આવી જાય છે. જ્ઞાનથી આત્માને પકડવો એટલે દ્રવ્યને ગ્રહણ કરવાનું છે. લક્ષણથી જે લક્ષને પકડવાનું ગુણથી ગુણીને પકડવાનો છે. એ કાંઈ ત્યાં ભેદ ઉપર દૃષ્ટિ નથી રાખવી. જે ગુણ છે જ્ઞાન જણાઈ રહ્યું છે એટલે કે આ તો સીધો જ્ઞાયક એને જણાઈ રહ્યો છે. અને સીધો જ્ઞાયક આખો એને જણાતો નથી. એટલે જે જ્ઞાન લક્ષણ છે, એનાથી આત્માને જાણે એમ લક્ષણ ગુણ દ્વારા ગુણીને બતાવે છે. ગ્રહણ કરવાનો તો ગુણીને જ છે. અભેદ આત્માને—અનંતગુણોથી ભરેલો જે આત્મા છે. જે જ્ઞાનથી જ્ઞાયક છે એ જ્ઞાયકને ગ્રહણ કરવાનો છે. માત્ર જ્ઞાનને ગ્રહણ કરવાનું નથી. (એ) જ્ઞાન જે જાણે, જાણે, જાણે એ જ્ઞાન, જ્ઞાન એટલે એક જ્ઞાનને ગ્રહણ કરવાનું નથી. આખો જ્ઞાયક ગ્રહણ કરવાનો છે. પણ જ્ઞાનગુણ એનો અસાધારણ ગુણ છે. એનાથી જણાય અને એનાથી ગ્રહણ થાય એવો છે. માટે જ્ઞાનથી તું જ્ઞાયકને

ઓળખ એમ. ગ્રહણ તો ગુણીને કરવાનો છે. દૃષ્ટિ તો અભેદ ઉપર રાખવી. એમાં ગુણભેદ થાતો નથી. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જાય છે. લક્ષણ માત્ર ગુણને ગ્રહણ કરવાનો નથી. જ્ઞાન એટલે જ્ઞાનને ગ્રહણ કરવાનું નથી. માત્ર જ્ઞાન ગ્રહણ કરવાનું નથી. જ્ઞાનથી જ્ઞાયકને ગ્રહણ કરવાનો છે. જ્ઞાન સ્વભાવ આત્મા છે આત્માને ગ્રહણ કરવાનો છે. કે જ્ઞાન છે કે આ દર્શન છે કે આ ચારિત્ર છે, એમ એક એક ગુણ ગ્રહણ કરવાનો નથી. જ્ઞાન અસાધારણ છે. આત્માને કેમ ગ્રહણ કરવો, કેમ ઓળખવો કે આ જે જડ લક્ષણ કાંઈ જાણતું નથી. આત્માનું લક્ષણ જ્ઞાન છે. જે જાણનારો છે એ જાણનારને ગ્રહણ કરવાનો છે. આખો જ્ઞાયક ગ્રહણ કરવાનો છે. એમાં ગુણભેદ થતા નથી. એ દૃષ્ટિ અભેદ ઉપર જાય છે. ૩૪

**✻ પ્રશ્ન : એક લક્ષણથી તો આત્મા ન જણાય એમ થયુને ? કે આખો પહેલા આત્મા બધો જાણવો જોઈએ ? આટલા ગુણો છે એને એના બધા ઉપર સમગ્ર ઉપર એક જ્ઞાન લક્ષણથી પકડવો પડે. સમગ્ર જ્ઞાયકનો પહેલા ખ્યાલ હોવો જોઈએ ?**

● ઉત્તર : જેમ ગ્રહણ કરનારને તો એમ જ હોય ને કે હું ગુણી છું. હું આત્મા ગુણી છું. આત્મા એટલે શું છે એમ? તો ગ્રહણ કરનારને તો એમ જ હોય ને કે આત્મા વસ્તુ શું છે? જે જિજ્ઞાસુએ અનાદિકાળથી આત્માને જાણ્યો નથી. આત્મા કોણ છે? એ ગ્રહણ કરનારને આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવાની જેને જિજ્ઞાસા હોય છે. ભલે જ્ઞાન તો વચ્ચે આવે છે. જ્ઞાન દ્વારા જણાય છે (અહીંયા) કંઈ અનંત ગુણો જાણવા પડે એવું નથી હોતું. આત્માનું અસ્તિત્વ—આત્મા જે ચેતન છે, જ્ઞાયક છે, એ જ્ઞાયકને ગ્રહણ (કરવાનો છે.) અનંત ગુણો એને કંઈ દેખાતા નથી પણ અનંત શક્તિવાળો આત્મા છે, અનંતી અનંતી શક્તિ એમાં ભરેલી છે એવું એને જ્ઞાનમાં એમ આવવું જોઈએ. જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા અમુક ગુણો તો એના લક્ષમાં આવે એવા છે. પણ બીજા કેટલાક ગુણો તો એના ગ્રહણ થાય

એવા પણ નથી. પણ આત્મા અનંત શક્તિથી ભરેલો છે. એવો મહિમાવંત આત્મા છે. એમ એને મહિમા આવવો જોઈએ. એનો મહિમા આવે તો જ ગ્રહણ કરવા તરફ જાય ને? આત્મા કોઈ અપૂર્વ વસ્તુ છે. આત્મા સુખનું ધામ છે. આત્માને ગ્રહણ કરવો છે. પણ એ આત્મા કેમ ગ્રહણ થાય? કે આત્મા પ્રજ્ઞાથી ગ્રહણ થાય. જ્ઞાનથી ગ્રહણ થાય છે. પહેલા અનંત ગુણોવાળો આત્મા, એનો મહિમા આવવો જોઈએ. અનંત શક્તિથી ભરેલો આત્મા એવી જેને જિજ્ઞાસા હોય, જ્ઞાનમાત્ર ગ્રહણ કરવું એવું લક્ષ નથી હોતું. એને આત્મા કેમ ગ્રહણ થાય? આ જ્ઞાયક કેમ ગ્રહણ થાય? એ જ્ઞાયક ગ્રહણ કરવાને માટે જ્ઞાન લક્ષણથી જણાય છે. જ્ઞાન લક્ષણ જેનું છે એ પોતે આત્મા છે. કે જે લક્ષણ, જ્ઞાન લક્ષણથી પોતે પોતાને બતાવી રહ્યો છે કે 'આ રહ્યો હું, જ્ઞાન લક્ષણથી ભરેલો' એને તું જો. એ જ્ઞાન લક્ષણથી ભરેલો આખો આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે. ૩૫.

✻ પ્રશ્ન : જિજ્ઞાસાવૃતિ આત્માની છે એટલે આત્મા ઉપર જ દૃષ્ટિ જાય છે.

● ઉત્તર : એની દૃષ્ટિ આત્મા ઉપર જ જાય છે. જિજ્ઞાસુને આત્મા કેમ ગ્રહણ થાય એમ હોય છે. માત્ર જ્ઞાન ગુણ એટલે જ્ઞાન ગુણ એટલે જાણવું, જાણવું, જાણવું એટલે જાણીને ગુણ ગ્રહણ થાય એમ નહીં, જાણવું, જાણવું એટલે આત્મા આખો ગ્રહણ કરવાનો છે. જેનું જાણવું એનું લક્ષણ છે. એવું જાણવાનું જ્ઞાન લક્ષણથી ભરેલો એવો આત્મા ગ્રહણ કરવાની જિજ્ઞાસુની દૃષ્ટિ હોય છે. માત્ર ગુણ ગ્રહણ કરવું એ તો યથાર્થ નથી. એકલા ગુણથી તો ગુણભેદ થાય છે. જ્ઞાન ગ્રહણ કરવું, દર્શન, ચારિત્ર એમાં તો ગુણભેદ થાય છે. એમાં આત્માનું અસ્તિત્વ (ગ્રહણ કરવું) એમ નથી આવતું પણ (દૃષ્ટિ) ગુણોના ભેદ ઉપર જાય છે કે આ જાણ્યું, આ જાણ્યું. એ બધું જાણનારો એ જાણનાર ગુણ છે એ આત્મા એમ નહીં. પણ જેનું 'અસ્તિત્વ જ્ઞાયકતા—બધું જાણનારો અસ્તિત્વ એકમાં છે. એમ એવો

જ્ઞાયક આત્મા' એમ દૃષ્ટિ આત્મા ઉપર જાવી જોઈએ. ઠેકઠેકાણે શાસ્ત્રમાં (આવે છે કે) 'જ્ઞાન લક્ષણથી તું જાણ' કે તું જ્ઞેય દ્વારા ગુણીને (જાણ) એમ આવે. પણ 'જ્ઞાન સ્વભાવ આત્મા' એમ આવે તો જ્ઞાન કહેતા આખો જ્ઞાયક એમ કહેવા માંગતા હોય છે. પહેલા જ્ઞાન, જ્ઞાન આવતું હોય ને! એમાં એકલો જ્ઞાયક કહેતા હોય છે. આચાર્યદેવ જ્ઞાન એટલે જ્ઞાયક અને કોઈ ઠેકાણે જ્ઞાન લક્ષણથી આત્માને ઓળખ એમ કહે છે. ૩૬.

**✻ પ્રશ્ન : 'જ્ઞાન તે જ આત્મા છે' તો જ્ઞાનની ઓળખાણ થતાં આત્માની ઓળખાણ થઈ જાય એવું ન થાય ?**

● ઉત્તર : જ્ઞાનની ઓળખાણ થતાં થઈ જાય પણ એની દૃષ્ટિ હોવી જોઈએ. જ્ઞાનની સાચી ઓળખાણ થાય તો આત્માની ઓળખાણ થાય એ જ્ઞાન એ પોતે આત્મા જ છે. જ્ઞાન એટલે આખો જ્ઞાયક લઈ લેવો. જ્ઞાનને ઓળખતાં જ્ઞાયક ઓળખાઈ જાય, પણ યથાર્થ ઓળખાણ થવી જોઈએ. એકલું માત્ર જાણવું, જાણવું, જાણવું એમ નહીં. એકલું માત્ર પરને જાણે એ જાણવું એમ ઉપરછલ્લું થાય તો એમ આત્મા ગ્રહણ નથી થાતો. એ તો માત્ર જાણવા, જાણવા ઉપર માત્ર રહી જાય છે. માત્ર જ્ઞેયને જાણનાર, જાણનાર એટલે હું જાણનાર (એમ નહીં). અંદર દૃષ્ટિ અસ્તિત્વ (એટલે) જ્ઞાયકનું અસ્તિત્વ જ્યાં છે એના ઉપર દૃષ્ટિ જાવી જોઈએ. જ્ઞાનગુણ જે પદાર્થનો છે એ પદાર્થ ઉપર દૃષ્ટિ જાવી જોઈએ! જે જાણે છે એ બહારનું, જ્ઞેયોને જાણે છે જ્ઞાન એમ નહીં. જ્ઞાનગુણ જેનો છે. એવો જ્ઞાનગુણ જે પદાર્થનો છે એ પદાર્થ ઉપર દૃષ્ટિ જાવી જોઈએ તો યથાર્થ. તો જ્ઞાનને જાણતા જ્ઞાયક જણાઈ જાય છે. 'જ્ઞેયને જાણે તે જ્ઞાન' એમ નહીં. જ્ઞાયકનું અસ્તિત્વ-જ્ઞાનનું અસ્તિત્વ ધરનારો જે પદાર્થ છે એ જ્ઞાયક છે. એવી રીતે જ્ઞાનને જાણે. ૩૭.

**✻ પ્રશ્ન : શું હેય છે ? શું ઉપાદેય છે ? શું પ્રાપ્ત કરવા જેવું**

છે? શું છોડવા જેવું છે? ક્યાં વજન દેવા જેવું છે? બધું એક લક્ષણથી (નક્કી થાય?)

● ઉત્તર : એક લક્ષણમાં બધું આવી જાય છે. જ્ઞાન લક્ષણ જો યથાર્થ હોય અને જિજ્ઞાસા હોય, એને (આત્માને) યથાર્થ ઓળખવાની સાચી જિજ્ઞાસા હોય તો જ્ઞાન લક્ષણથી આત્મા ઓળખાય. 'જ્ઞાન લક્ષણથી જ્ઞાયક'—એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જ જાય છે. સાચા આત્માર્થીની દૃષ્ટિ જ્ઞાયક ઉપર (જાય છે.) જેને ખરેખર આત્માને ઓળખવો છે તો તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય અને જ્ઞાયક એટલે 'હું આ જ્ઞાયક, મારાથી બધું આ જુદું છે.' એમ આવી જાય એમાં (કે) હું જ્ઞાયક, અનાદિનો શુદ્ધાત્મા એમાં આ વિભાવ શેને લઈને છે? આ નિમિત્ત કર્મ અને મારા પુરુષાર્થની મંદતા એ આવી જાય. આ બધું શુભાશુભ ભાવો એ મારો સ્વભાવ નથી. હું તો એક જ્ઞાયક છું. એમ બધું આવી જાય. યથાર્થ જ્ઞાયક જો જાણે તો, આ બધું આવી જાય છે. ૩૮.

✻ પ્રશ્ન : એક લક્ષણથી પણ (બધું ઓળખાઈ જાય)?

● ઉત્તર : (એક લક્ષણમાં) બધું આવી જાય છે. એક જ્ઞાન લક્ષણથી પણ જ્ઞાયકને ઓળખે તો એમાં બધું આવી જાય છે.

'પ્રજ્ઞાછીણી થકી છેદતા બંને જુદા પડી જાય છે.' એ પ્રજ્ઞાછીણીથી બધું ભેદજ્ઞાન થાય છે. અને પ્રજ્ઞાછીણી એવી યથાર્થ પ્રગટ થાય તો જ્યાં જ્ઞાન છે, જ્ઞાન એટલે કે જ્ઞાયક એ જ્ઞાયકને જુદો પાડે અને વિભાવને જુદો પાડે તો એ જ્ઞાન લક્ષણમાં–પ્રજ્ઞાછીણીમાં બધું આવી જાય છે. એકત્વ બુદ્ધિ એવી જોરદાર એને ચાલી રહી એમાં પ્રજ્ઞાછીણી પણ એવી જોરદાર હોય છે એનાથી જુદા પડી જાય છે જ્ઞાયક અને વિભાવ, એમાંથી મુક્તિનો માર્ગ શરૂ થઈ જાય છે. પણ યથાર્થ હોય તો જ એને પ્રજ્ઞાછીણી કહેવાય. નહીં તો એ પ્રજ્ઞાછીણી કહેવાતી નથી. ૩૯.

✻ પ્રશ્ન : એક લક્ષણમાં તો ઘણું ભર્યું છે.

● ઉત્તર : ઘણું ભર્યું છે. આચાર્યદેવ માર્ગ બતાવે, ગુરુદેવ માર્ગ બતાવે, એમના એક શબ્દની અંદર જે માર્ગ બતાવે એમાં એટલું ઘણું સમાયેલું હોય છે. એમ આચાર્ય એક લક્ષણ બતાવે— જ્ઞાન લક્ષણ ત્યાં એમાં કેટલું સમાયેલું હોય છે. ૪૦.

✻ પ્રશ્ન : એક લક્ષણ એટલે શું ? આમ લાગે, સામાન્ય લાગે, જાણવું, જાણવું, એમ.

● ઉત્તર : આખો મુક્તિનો માર્ગ આવી જાય છે. ૪૧.

✻ પ્રશ્ન : લક્ષણ બતાવી દીધો છે.

● ઉત્તર : જ્ઞાયક (તે) જ્ઞાયકનું લક્ષણ પોતે બતાવી જ રહ્યો છે. જ્ઞાયક લક્ષણ બતાવી રહ્યો છે, જ્ઞાયક પોતે લક્ષણ બતાવી રહ્યો છે કે 'આ જ્ઞાન લક્ષણ હું આત્મા છું.' ૪૨.

જય હો વિજય હો ભગવતી માતનો જય હો.